ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૯ ટકા

# મુકિતધામના કર્મચારીઓને દિવાળી નિમિત્તે કપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૮

મુકિતધામ પેથાપુર ગાંધીનગરના કર્મચારીઓને દિવાળી નિમિત્તે આવારા ધ ફેશન પેરેડાઈઝ દ્વારા કપડાની વહેંચણી કરવામાં આવી હતી.



કોવિડની પરિસ્થિતિમાં જયારે માણસ-માણસથી દૂર ભાગે છે ત્યારે મુકિતધામના દરેક કર્મચારીએ પોતાની ફરજ એક સેવા તરીકે સ્વીકારી છે જેને ધ્યાનમાં લઈ રંગતાલ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની રૂપરેખા અંજલી પટેલ દ્વારા નક્કી કરાઈ હતી તથા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મિલનભાઈ પટેલ, માનસી પટેલ અને જૈની પટેલનો સહકાર રહ્યો હતો.


# મહુડી અને ડભોડા હનુમાનજી મંદિર દિવાળીના દિવસો દરમિયાન બંધ રહેશે

## મહુડી મંદિર તા. ૧૩ થી ૧૯ નવેમ્બર સુધી અને ડભોડા મંદિર તા. ૧૩ થી ૧૭ નવેમ્બર સુધી બંધ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકાનું માણસા સ્થિત મહુડીના ઘંટાકર્ણ મહાવીર મંદિર ખાતે દર વર્ષે ફકત એક જ વાર હોમ-હવન કરવાની સાથે ભગવાનને ચઢાવો ચઢાવવામાં આવે છે. ફકત કાળી ચૌદશના દિવસે અહીં આ પ્રકારની વિશિષ્ટ ધાર્મિક વિધી થાય છે. પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખીને મહુડી જૈન શ્વે. મૂર્તિપૂજક ટ્રસ્ટ દ્વારા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં તા. ૧૩ થી ૧૯ નવેમ્બર સુધી મંદિર બંધ રાખવાનો વિશેષ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે તા. ૧૪મી નવેમ્બરે હોમ સહિત ધાર્મિક વિધી થનાર છે જેમાં ભાગ લેવા ઈચ્છુક સહિત ૨૦ જેટલા ભકતોને તા. ૧૩ નવેમ્બર સુધીમાં મંદિર પરિસરમાં આવી જવા જણાવાયું છે અને ૧૪મી તારીખે મર્યાદિત ભકતો વચ્ચે મહુડી તિર્થમાં ભગવાન ઘંટાકર્ણ મહાવીર દેવનો હોમ કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામ ખાતે સ્વયંભૂ પ્રગટેલ હનુમાનજી મંદિર ખાતે પણ કાળીચૌદશે દર્શન કરવા, તેલ ચઢાવવા તેમજ કાળોદોરો બનાવવાનો મહિમા છે. આ દિવસે અહીં મેળો ભરાય છે. દૂર દૂરથી દર્શનાર્થે ભકતોની અવરજવર રહે છે પરંતુ કોવિડની પરિસ્થિતિ વચ્ચે હનુમાનજી મંદિર ટ્રસ્ટ, ડભોડા દ્વારા તા. ૧૩ થી ૧૭ નવેમ્બર સુધી મંદિરના દર્શન બંધ રાખવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે તા. ૧૩મી નવેમ્બરે રાત્રે ૧૨ વાગ્યે કાળી ચૌદશની મહાઆરતી યોજાશે. સોશિયલ મીડીયાના માધ્યમથી વધુને વધુ ભકતો ડભોડીયા હનુમાન દદાના દર્શન કરી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે તેમ ટ્રસ્ટી મંડળ દ્વારા જણાવાયું છે.



ગુજરાતી સિનેમાના દિગ્ગજ અભિનેતા નરેશ કનોડિયાનું અવસાન થતાં તેમના ચાહકો શોકમાં ડુબી ગયા છે. તેમના ચાહકો દ્વારા તેમને વિવિધ પ્રકારે શ્રધ્ધાંજલી આપવામાં આવી રહી છે. સરકારી વિનયન કોલેજમાં બી.એ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા શુભમ પરમારે તેના પ્રિય અભિનેતા નરેશ કનોડિયાને અનોખી રીતે શ્રધ્ધાંજલી આપી છે. તેણે પેન દ્વારા નરેશ કનોડિયાનું ચિત્ર કરી પોતાની ભાવનાને વ્યકત કરી છે.

# હિન્દુ દેવી દેવતાઓના નામ-ફોટાવાળા ફટાકડાંના વેચાણ સામે બજરંગ દળનો વિરોધ

## શહેરના વિવિધ સેકટરોમાં જઈને વેપારીઓને આ પ્રકારના ફટાકડાં નહીં વેચવા સમજાવ્યા : ફટાકડાં ફુટતાં દેવી દેવતાઓની તસવીરોવાળા વિખરાતા કાગળોથી હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચે છે

ગાંધીનગર, તા.૮

દિવાળીનું પાવન પર્વ આવી પહોંચ્યું છે અને આ પર્વમાં ચારેકોર ફટાકડાં ફોડીને ઉજવણી કરવાની પ્રથા જોવા મળે છે. દિવાળીમાં વિવિધ બ્રાન્ડ તથા નામ ધરાવતા ફટાકડાંઓની ખૂબ મોટી રેન્જ જોવા મળે છે જેમાં કેટલાંક ફટાકડાં હિન્દુ દેવી દેવતાઓના નામ અને ફોટો ધરાવતા હોય છે. જે અંગે ગાંધીનગરના બજરંગદળના યુવા સ્વયંસેવકો દ્વારા વિરોધ પ્રગટ કરવામાં આવી રહ્યો છે અને વેપારીઓને આ પ્રકારના ફટાકડાં વેચતા અટકાવવામાં આવી રહ્યા છે.



દિવાળીમાં દારૂખાનું ફોડવાનો નાગરિકોમાં ભારે ક્રેઝ હોવાથી તેનો વેપાર પણ ખૂબ મોટો છે. ફટાકડાંની વિવિધ બ્રાન્ડસમાં કેટલાંક ફટાકડાં જે હિન્દુ દેવીદેવતાઓના નામ અને ચિત્રો ધરાવતાં હોય છે તેવા ફટાકડાંને ફોડતા તેના કાગળના ટુકડાઓ જયાં ત્યાં વિખેરાય છે જેના કારણે હિન્દુ ધર્મના શ્રધ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચે છે કેમ કે રોડ રસ્તા કે જાહેર જગ્યાએ આવા વિખરાયેલા કાગળના ટુકડાઓમાં રહેલા દેવીદેવતાઓની તસવીરો પર અજાણતા નાગરિકો કે વાહનોની અવરજવર થતી હોય છે આ બાબતને અનુલક્ષીને આજે બજરંગદળના ગાંધીનગર શહેર એકમના યુવા સ્વયંસેવકોએ શહેરના સે-૨૧, સે-૭, સે-૨૪, સે-૬ વગેરે સ્થળોએ ફટાકડાનો વેપાર કરી રહેલા વેપારીઓ પાસે જઈને વેપારીઓને આ પ્રકારના હિન્દુ દેવી દેવતાઓના નામ-ફોટો ધરાવતાં ફટાકડાં નહીં વેચવા વિનમ્રતાથી અનુરોધ કર્યો હતો. મોટા ભાગના વેપારીઓએ બજરંગદળના સ્વયંસવકોએ વ્યકત કરેલ લાગણીને અનુલક્ષીને પોતાના સ્ટોકમાંથી આ પ્રકારના ફટાકડાં વેચાણમાંથી દૂર કર્યા હતા.





દિવાળી પર્વની કેટલીક જુની પરંપરાઓ ધમે ધીમે ભૂલાતી કે ભૂંસાતી જાય છે. આવી પ્રાચીન પરંપરાઓ પૈકીની એક પરંપરા એટલે કાગમાંકડી... નવી પેઢીના ઘણા બધા યુવાનો અને બાળકોએ તો કદાચ આ શબ્દ જ પ્રથમવાર સાંભળ્યો હશે. દિવાળી અને નવું વર્ષના આગમનની મશાલ એવી આ કાગમાંકડીની પરંપરા હજુ ગ્રામ્ય વિસ્તારોમાં જળવાઈ રહી છે. શહેરી વિસ્તારોમાં પણ કયાંક કયાંક કેટલાક પરિવારો આ પરંપરાને નિભાવે છે. દિવાળી અને નવું વર્ષ નજીકમાં છે ત્યારે આ પરિવાર કાગમાંકડીની તૈયારી કરતું જોવા મળે છે.

# રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલનો શુભેચ્છા સમારોહ યોજાયો

## બે વર્ષમાં ગાંધીનગર ચિલોડા રોડ ઉપર સમાજનું શૈક્ષણિક ધામ તૈયાર થશે : વિક્રમસિંહ ગોલ






ગાંધીનગર, તા.૮

રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ અને હોદ્દદારોનો આજે સમાજભવન ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સમાજના આગેવાન અને ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ભાષણ નહિ પણ સત્યવાતો કરી સમાજને નવી દિશા બતાવી હતી.

આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કોર્પોરેશનના વિપક્ષ નેતા શૈલેશસિંહ બિહોલા, પૂર્વ પ્રમુખ એલ.કે. વાઘેલા, પ્રમુખ દશરથસિંહ વાઘેલા, જગદીશસિંહ બી. ચાવડા, પૃથ્વીસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ વખતે ખાસ પ્રચાર પ્રસાર સમિતિની રચના કરવામાં આવી હતી તેમાં વંદે ગુજરાતના મેનેજીંગ તંત્રી વરિષ્ઠ પત્રકાર વિનોદસિંહ રાઠોડ, ગુજરાત સમાચારના વરિષ્ઠ ફોટોગ્રાફર ધર્મેન્દ્રસિંહ કુંપાવતની નિમણુંકનું વાંચન મહામંત્રી પ્રદિપસિંહ બિહોલાએ કર્યુ હતું.

આ પ્રસંગે જિલ્લા રાજપૂત સમાજની બેઠક ૧૨ નવેમ્બરે યોજાશે જેની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લામાંથી સમાજના આગેવાનો, બહેનો વગેરેએ સરકારશ્રીના નિયમોનું પાલન કરી માસ્ક પહેરી મર્યાદીત સંખ્યામાં ઉપસ્થિત રહી સોશિયલ ડિસ્ટન્સિંગથી બેઠક લીધી હતી. ખજાનચી બાબુસિંહ વાઘેલાએ આભારવિધિ કરી હતી.

# વૈષ્ણોદેવી સર્કલ પાસેથી રીઢો વાહનચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૮

અમદાવાદ શહેરના ૩ બાઈક ચોરીના આરોપીને પકડી પાડી અડાલજ ત્રણ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. અડાલજ પોલીસે રીઢા વાહનચોરને નંબર વિનાના ડ્રીમ યુગા સાથે વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એમ.જે.શીંદે તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે સમયે કોન્સ્ટેબલ આશિષસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે વૈષ્ણોદેવી સર્કલ પાસેથી રાહુલ ભુરાલાલ પટેલ (ઉં.૧૯, રહે.ગણેશપુર, પોસ્ટ ગણેશપુર થાના દોવડા, તા.આસપુર જી.ડુંગરપુર રાજસ્થાન)ને નંબર વિનાના ડ્રીમ યુગા બાઈક સાથે વૈષ્ણોદેવી સર્કલથી પકડી પાડ્યો હતો. આરોપીની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાંથી ચોરી થયેલા રૂ.૪૦,૦૦૦ની કિંમતના ૩ બાઈક કબ્જે કર્યા હતા. અડાલજ પોલીસે અમદાવાદના વાસણા, ઘાટલોડીયા અને નારણપુરા પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવાળી તો ઉત્સાહથી જ ઉજવીશું અને કોરોનાને પણ હરાવીશું...!!

## પરંપરાઓમાં પરિવર્તનનો સ્વીકાર કરી સાવચેતી તથા સલામતી સાથે દિવાળી ઉજવીએ : ઉત્સાહના ઉલ્લાસને માણવા ફટાકડાં જરૂર ફોડીએ પરંતુ દરેક ક્ષેત્રે પ્રદૂષણ ઘટે તે માટે પણ કાર્યરત બનીએ

ગાંધીનગર, તા.૮

આપણે છેલ્લાં આઠેક માસથી કોરોના કોરોના કરી રહ્યાં છીએ, છતાં કોરોના હજુ ગયો નથી પરંતુ એક પછી એક આવતા તહેવારો પછી હવે તો દિવાળી પણ આવી પહોંચી છે. દિવાળીની સાથોસાથ શિયાળાની ઋતુનો પણ પ્રારંભ થઈ જાય છે અને ઠંડીમાં કોરોના વાયરસનું જોર વધુ રહે છે તેવાં અઢળક તારણો અત્યાર સુધીમાં વિવિધ સ્તરે આપણી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. આ સાથે આ સીઝનમાં પ્રદૂષણમાં પણ વધારો થવાનું એક યા બીજી રીતે જોખમ રહેલું છે અને એઈમ્સના ડાયરેકટર રણદીપ ગુલેરિયા હમણાં જ ચેતવણી ઉચ્ચારી ચુકયા છે કે વાયુ પ્રદૂષણ વધવાની સાથે કોરોના કેસોમાં વધારો થશે. જો કે કોરોના નહોતો ત્યારે અને અત્યારે પણ માનવીના જીવનમાં વ્યાપતી નિરાશાના અંધકારને ખંખેરવા અને ઉત્સાહ અને આત્મવિશ્વાસનો પ્રકાશપુંજ ફેલાવવા રોજીંદી જીવનશૈલીના કોડિયામાં ઉત્સવો અને ઉજવણીનું ઘી તેલ પુરવું ખૂબ જ મહત્વનું સાબિત થાય છે તેથી તેને અટકાવવું પણ હવે આ તબક્કે યોગ્ય નહીં લેખાય. આ સ્થિતિમાં નાગરિકોએ દિવાળીની ઉજવણી ખૂબ જ સાવચેતી અને સલામત રીતે પરંપરાઓમાં પરિવર્તનને સ્વીકારીને કરવી રહી.

યુરોપ સહિતના અનેક દેશોમાં કોરોના સંક્રમણનો નવો દૌર શરૂ થયો છે જેની ચિંતા સમગ્ર વિશ્વમાં પ્રસરવા પામી છે. બીજી તરફ ભારત સરકાર દ્વારા કોરોના વેકિસનના ૬૦ કરોડ ડોઝનું આગોતરું બુકિંગ કરી દીધું હોવાના સમાચારો પ્રગટ થયા જેના કારણે ભારતીયોમાં ઉત્સાહની લ્હેર પ્રસરવા પામી પરંતુ કોરોના વાયરસની વેકિસન કયારે આવશે તે હજુ પણ નિશ્ચિત થઈ શકતું નથી. અત્યારની સ્થિતિ જોતાં તો હજુ આપણે




ઓછામાં ઓછા ૭-૮ માસ વેકિસન વગર કાઢવાના છે અને એવું પણ કહેવાય છે કે જે વેકિસન પહેલાં આવશે તે ૧૪ વર્ષથી ઉપરની વયના નાગરિકો માટે હશે તેથી દિવાળી પછી શાળાઓ શરૂ કરવાની વિચારણા કરી રહેલી સરકારે આ બાબતને ખાસ ધ્યાનમાં રાખવી પડશે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મતે અત્યાર સુધીમાં જેટલાં નાગરિકો કોરોના સંક્રમિત થયાં તેમાંથી ૮૦ ટકા સંક્રમિતો માટે જવાબદાર માત્ર ૬ સંક્રમિતો છે અને કોરોના વાયરસ અત્યાર સુધીમાં લગભગ ૧૨ વખત પોતાનું સ્વરૂપ બદલી ચુકયો છે. ઓકસફોર્ડ અને એસ્ટ્રોઝેનેક્ષ દ્વારા વિકસિત થઈ રહેલી વેકિસન ત્રણેક માસમાં આવી શકે છે પરંતુ તેને સામાન્ય નાગરિકો સુધી પહોંચાડતા ઘણો સમય લાગી શકે છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને આગામી જુલાઈ સુધીમાં કોરોના વેકિસનના ૪૦ થી ૫૦ કરોડ ડોઝ મેળવીને ૨૫ કરોડ નાગરિકોનું રસીકરણ કરી દેવાનો નિર્ધાર જાહેર કરી ચુકયા છે અને તેમણે જણાવ્યું છે કે આપણાં દેશની ત્રણ કંપનીઓની વેકિસન કિલનિકલ ટ્રાયલના તબક્કામાં છે જો આપણે વેકિસન પ્રાપ્ત કરીએ ત્યાં સુધી યોગ્ય સાવચેતી જાળવી શકીએ તો કોરોના સામે તે ખૂબ મોટી સફળતા બની શકે છે પરંતુ તેની સામે વધતુ વાયુ પ્રદૂષણ મોટો મોટો પડકાર સાબિત થશે.





પ્રદૂષણ માટે પહેલેથી જ બદનામ દેશની રાજધાની દિલ્હીના તબીબોએ પણ ચેતવણી ઉચ્ચારી છે કે પ્રદૂષણના કારણે કોરોનાથી થતાં મોતની સંખ્યા બમણી થઈ શકે છે કેમ કે કોરોના ફેફસાં અને હૃદયની બિમારીઓ ધરાવતા દર્દીઓ માટે વધુ જોખમી જણાયો છે. એઈમ્સના જ કાર્ડિયોલોજીના નિષ્ણાંત પ્રો. ડૉ. અંબુજ રોયના ઈટાલીના અભ્યાસમાં જણાવ્યું છે કે પ્રદૂષણના કારણે ઉત્તર ઈટાલીમાં દક્ષિણ ઈટાલી કરતાં કોરોનામાં બમણાં મોત નોંધાયા છે. એઈમ્સનો ગત વર્ષનો અહેવાલ કહે છે કે પ્રદૂષણથી દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકા જેટલો વધારો નોંધાયો છે કેમ કે પ્રદૂષણના કારણે વ્યકિતની રોગ પ્રતિકારક શકિત ઘટે છે. વળી, પ્રદૂષણના કારણે એલર્જી અસ્થમા સહિત શ્વાસની બિમારી ધરાવતા દર્દીઓની હાલત કફોડી બને છે. ફોર્ટિસ હોસ્પિટલના પલ્મોનરી મેડિસીન વિભાગના નિષ્ણાંત ડૉ. વિકાસ મોર્યા કહે છે કે પ્રદૂષણમાં રહેલા પાર્ટિકુલેટમૈટર પીએમ-૧૦ અને પીએમ-૨૦૫ જેવા કણ શ્વાસ દ્વારા ફેફસામાં પ્રવેશ કરે છે જેના કારણે બ્રોકાઈટસ અને અસ્થમાના દર્દીઓ પણ વધે છે અને હાર્ટએટેકનું જોખમ પણ વધે છે.

વેકિસન કે પ્રદૂષણની અઘરી વાતોને કોરાણે મુકીને જો સામાન્ય જનજીવનની વાત કરીએ તો એક વાત નક્કી છે કે કોઈ પણ લડત હોય તેમાં લડવૈયાનો ઉત્સાહ અને જુસ્સો ટકવો ખૂબ જરૂરી છે. કોરોના કાળના પ્રારંભે જ વડાપ્રધાનની પ્રેરણાથી નાગરિકોએ તાળી-થાળીનાદ કે દીપ પ્રાગટય કર્યા તેના કારણે જે સકારાત્મકતા ફેલાઈ તેની અસર કોરોના સંક્રમણ સામે લડતમાં ઉપયોગી થઈ હોવાને નકારી ના શકાય, તે અન્ય દેશોની સરખામણીએ ભારતની સ્થિતિ જોતા જણાઈ આવે છે, પછી ભલે તે કોઈ સ્વીકારે કે ના સ્વીકારે. જો કે કોરોના સામે ભારતના તબીબોથી માંડીને તમામ ક્ષેત્રના કોરોના વોરિયર્સે આપેલું અમુલ્ય યોગદાન પણ આ સ્થિતિના સહભાગી છે તેમાં બેમત નથી જ અને એજ કોરોના વોરિયર્સને આગામી દિવાળીના તહેવારોમાં પણ રજા મળવાની નથી તે આપણે ભૂલવું ના જોઈએ. કોરોના સામે લડવા ‘ટેસ્ટ, ટ્રીટ અને ટ્રેસ’ની નીતિ સાથે જ આગળ વધવું ઉત્તમ સાબિત થઈ રહ્યું છે તેને જાળવી રાખીને આપણે ઉત્સવનો આનંદ માણવા પધ્ધતિસરનું આયોજન કરવું જરૂરી જણાય છે. ફટાકડાં એ દિવાળીના પર્વનું વર્ષોથી અવિભાજય અંગ બની ચુકયા છે અને માત્ર ફટાકડાંથી જ પ્રદૂષણ ફેલાય છે તેવું નથી તે સૌ કોઈ જાણે છે. એવાં અનેક પરિબળો છે જે ફટાકડાં કરતાં પણ વધુ પ્રદૂષણ ફેલાવે છે ત્યારે દિવાળીમાં તેનો સરકારની ગાઈડલાઈન મુજબ નિશ્ચિત સમય પુરતો ઉપયોગ કરીને અને તેમાં પણ આપણી જવાબદારી સમજી મોટા ધડાકાં કે વધુ પડતો ધુમાડો પ્રસરાવતાં ફટાકડાંને ટાળીને વિવેક બુધ્ધિથી ઉજવણી કરીએ તે જરુરી છે. અને હાં, ફટાકડાં ફોડતી વખતે સેનેટાઈઝરના ઉપયોગથી દૂર રહીએ અને માસ્ક અવશ્ય પહેરીએ. આ વર્ષે શકય છે કે દિવાળીમાં બહારગામ ફરવા જવાની વૃત્તિ પર થોડી બ્રેક આવે તેથી પરિવારમાં સૌ સાથે મળીને દિવાળી ઉજવાય તેવો મોકો કોરોનાએ આપ્યો છે ત્યારે સૌ કોઈ સતર્કતા અને સલામતી સાથે તહેવારને ઉત્સાહપૂર્વક ઉજવી સ્વસ્થ સમાજના પુનરુત્થાન તરફ આગળ વધીએ. સૌને હેપ્પી દિવાલી...!!

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ.પરસોત્તમભાઈ માધવલાલ પટેલ, ઉ.વ. ૭૬, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. અમૃતભાઈ લવજીભાઈ પરમાર, ઉ.વ. ૬૬, સેકટર-૨૫, ગાંધીનગર
- સ્વ. શકુન્તલાબેન મંગળભાઈ નાયક, ઉ.વ. ૮૧, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. રાવળ મહેશભાઈ ધુળાભાઈ, ઉ.વ. ૪૦, દેલવાડ, તા. માણસા
- સ્વ. સુરેશભાઈ ધુળાભાઈ સોલંકી, ઉ.વ. ૭૮, મેઘાણીનગર, અમદાવાદ
- સ્વ. ભાવનાબેન રમેશકુમાર મિસ્ત્રી, ઉ.વ. ૬૪, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ઓમપ્રકાશભાઈ ધારૂ, ઉ.વ. ૪૭, સે-૧૩, છાપરાં, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. જગદીશભાઈ અંબાલાલ પટેલ, ઉ.વ. ૬૬, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પટેલ રમેશભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૧, સુઘડ, તા. ગાંધીનગર